# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ)ની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આજ તા.૦૯/૦૪/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સ્થળો પર ચેક કરી, મેંગો મિલ્કશેકના કુલ–૦૯ સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીર્પોટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ અને સરનામું | નમુના નું નામ |
|---|---|---|
| ૧. | શીવ ખમણ એન્ડ ફરસાણ માર્ટ,પ્લોટ નં.પ,પ્રગતી નગર,અડાજણ,સુરત. | –કેરીનો રસ<br>–ટુકડી કેરીનો રસ<br>–કેરીનો રસ |
| ૨. | શીવ એગ્રો ફુડ,પ્રવેગ એપા.,એલ.પી.સવાણી રોડ,સુરત. | –શીવ કેસર મેન્ગો મિલ્ક શેક<br>– શીવ હાફુસ મેન્ગો મિલ્ક શેક<br>– શીવ કેસર તોતાપુરી મેન્ગો મિલ્ક શેક |
| ૩. | હરે ક્રિષ્ના રસ,દુ.નં.પ અને ૬,સમરત વિહાર એપા.,હનીપાર્ક સોસાયટી,અડાજણ,સુરત. | – મેન્ગો મિલ્ક શેક<br>– મેન્ગો મિલ્ક શેક<br>– મેન્ગો મિલ્ક શેક |

૭

## પ્રેસ નોટ

## સમર કેમ્પ – ૨૦૧૮

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આગામી વેકેશનમાં મે, ૨૦૧૮ દરમ્યાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં ૨(બે) વયગૃપનો સમાવેશ કરવામાં આવશે.

**ગ્રુપ– એ – ૭ થી ૧૨ વર્ષના બાળકો માટે**

| અ.નં. | વિષય | સાયન્સ સેન્ટર | દિવસ |
|---|---|---|---|
| એ | પેપર આર્ટ, વેસ્ટમાંથી બેસ્ટ, દિવડા પેઈન્ટીંગ, એન્વેલપ મેકીંગ, ટી–શર્ટ પેઈન્ટીંગ | સવારે ૯:૦૦ થી સવારે ૧૧:૦૦ | ૧૦ દિવસ |

**ગ્રુપ–બી – ૧૩ થી ૧૭ વર્ષના બાળકો માટે**

| અ.નં. | વિષય | સાયન્સ સેન્ટર | દિવસો |
|---|---|---|---|
| બી–૧. | બેઝીક એસ્ટ્રોનોમી, નો યોર પ્લેનેટ્સ, નો યોર ઝોડીયાક, ફેઝીસ ઓફ મુન / સીઝન્સ, નેનો સન / મીરર બોલ, ટેલિસ્કોપ, એસ્ટ્રોનોમી સોફટવેર, એસ્ટ્રોનોમી જરનલ એન્ડ કવીઝ | સવારે ૯:૦૦ થી સવારે ૧૧:૦૦ | ૧૦ દિવસ |
| બી–૨. | બેઝીક ફીઝીકસ, પ્રયોગો, સાયન્ટીફીક પિગીબેન્ક, બઝર ગેમ, ઓટોમેટીક સ્ટ્રીટ લાઈટ મોડેલ, બબલ મશીન, બેઝીક એરોનોટીકસ | બપોરે ૨:૦૦ થી સાંજે ૪:૦૦ | ૧૦ દિવસ |
| બી–૩. | એમ્બ્રોઈડરી, કવીલીંગ, પેપર આર્ટ | બપોરે ૨:૦૦ થી સાંજે ૪:૦૦ | ૧૦ દિવસ |
| બી–૪. | મોડેલ રોકેટ | સવારે ૯:૦૦ થી સવારે ૧૧:૦૦ | ૦૪ દિવસ |
| બી–૫. | કેલીગ્રાફી (બેઝીક) | સવારે ૯:૦૦ થી સવારે ૧૧:૦૦ | ૧૦ દિવસ |

આ સમર કેમ્પ તારીખ ૦૧.૦૫.૨૦૧૮ થી ૧૦.૦૫.૨૦૧૮ સુધી કાર્યરત રહેશે. આ સમર કેમ્પમાં વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે. સમર કેમ્પમાં જોડાવા ઈચ્છતા બાળકો તા.૧૦.૦૪.૨૦૧૮ થી તા.૨૬.૦૪.૨૦૧૮ સુધીમાં સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ દરમ્યાન

સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ ખાતેથી ફોર્મ મેળવી તા. ૨૬.૦૪.૨૦૧૮ સુધીમાં સાયન્સ સેન્ટર સુરત ખાતે સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ દરમ્યાન જમા કરવાના રહેશે.

૮

# :: પ્રેસનોટ ::

## "મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૧૮"

વિષય : જામનગર મહાનગરપાલિકા દ્વારા યોજાનાર "મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"

ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચેની અલગ અલગ ક્રિકેટ ટુર્નામેન્ટોનું પ્રતિ વર્ષ રોટેશન મુજબ યોજવામાં આવતી "મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"નું આયોજન ચાલુ સાલ જામનગર મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૦૪/૨૦૧૮ થી તા.૧૪/૦૪/૨૦૧૮ દરમ્યાન જામનગર ખાતે થઈ રહ્યું છે. આ "મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮"ના શુભારંભની પ્રથમ મેચ તા.૦૮/૦૪/૨૦૧૮ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાની કમિશનર ટીમ અને મેયર ટીમની જામનગર મહાનગરપાલિકાની કમિશનર ટીમ અને મેયર ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં જામનગર કમિશનર ટીમ અને મેયર ટીમે વિજય મેળવી સેમી ફાઈનલમાં સ્થાન અંકે કર્યુ હતું. તા.૦૯/૦૪/૨૦૧૮ના રોજ રાજકોટ મહાનગરપાલિકાની કમિશનર ટીમ અને મેયર ટીમની ક્રિકેટ મેચ જુનાગઢ મહાનગરપાલિકાની કમિશનર ટીમ અને મેયર ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં રાજકોટની કમિશનર ટીમ અને મેયર ટીમે વિજય મેળવી સેમી ફાઈનલમાં દાવેદારી નોંધાવી હતી.

તા.૧૦/૪/૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા કમિશનર ઈલેવન અને વડોદરા મહાનગરપાલિકા કમિશનર ટીમ વચ્ચે યોજાઈ હતી. વડોદરા કમિશનર ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી હતી. બેટીંગમાં ઉતરેલ વડોદરા કમિશનર ટીમ અજય સોલંકીના ૧૮ રન, પનેશ પંડયા અને શૈલેષ મોહિતેના ૧૫–૧૫ રનની મદદથી ૯૬ રનના નજીવા સ્કોરે ૧૮.૧ ઓવરમાં ઓલ આઉટ થઈ હતી. જેમાં સુરત કમિશનર ઈલેવનના જગદીશ સેલરએ ૪ વિકેટ અને યોગેશ ઝેડ. પટેલએ  વિકેટ ઝડપી હતી. વડોદરા કમિશનર ટીમએ આપેલ લક્ષ્યાંકને પાર પાડવા ઓપનીંગ બેટીંગમાં ઉતરેલ સુરત કમિશનર ઈલેવનના નરેશ ઝેડ. પરમાર અને વિવેક બી. પટેલએ પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૭૭ રન કરી વિજયનો રાહ આસાન બનાવ્યો હતો. સુરત કમિશનર ઈલેવનના નરેશ ઝેડ. પરમારએ ૩૬ બોલમાં ૩ ચોગ્ગા અને ૧ સિકસર સાથે ૪૧ રન અને વિવેક બી. પટેલએ ૨૮ બોલમાં ૫ બાઉન્ડ્રી અને ૧ સિકસર મારી ૪૦ રન કર્યા હતા. વડોદરા ટીમના બોલર શૈલેષ મોહીતેને ૧ વિકેટ હાંસલ કરી હતી. સુરત કમિશનર ઈલેવને એક વિકેટે ૯૭ રન કરી ૯ વિકેટે શાનદાર જીત મેળવી હતી. મેન ઓફ ધી મેચ જગદીશ સેલરને ઘોષિત કરાયા હતા.

તા.૧૦/૪/૨૦૧૮ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા મેયર ઈલેવન અને વડોદરા મહાનગરપાલિકા મેયર ટીમ વચ્ચે યોજાઈ હતી. વડોદરા મેયર ટીમે ટોસ જીતી બેટીંગમાં ઉતરતાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૧૪ રનનો સ્કોર નોંધાવ્યો હતો. સુરત મેયર ઈલેવનના બોલર ભદ્રેશસિંહ  પરમારએ ૩ વિકેટ લીધી હતી.  સુરત મેયર ઈલેવનના ઓપનીંગ બેસ્ટમેન અને કેપ્ટન પ્રવિણ એમ.પટેલ ૧૧ રને આઉટ થતાં રમેશ ઉકાણી સાથે સતીશ પટેલ જોડાતાં રમેશ ઉકાણી નોટઆઉટ ૪૩ બોલમાં ૪૬ રન અને સતીશ પટેલ ૩૧ બોલમાં ૩૮ રન સાથે બે વિકેટે આપેલ ટાર્ગેટ પાર પાડી આઠ વિકેટે ભવ્ય વિજય મેળવી સેમીફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. મેન ઓફ ધ મેચ રમેશ ઉકાણીને જાહેર કરવામાં આવ્યા હતા.

તા.૧૨/૪/૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા કમિશનર ઈલેવન અને રાજકોટ મહાનગરપાલિકા કમિશનર ટીમ વચ્ચે અને રાત્રે ૮.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા મેયર ઈલેવન અને રાજકોટ મહાનગરપાલિકા મેયર ટીમ વચ્ચે સેમી ફાઈનલ મેચ યોજાશે. વડોદરા મહાનગરપાલિકાની કમિશનર અને મેયર ટીમ સામે ભવ્ય સફળતા મેળવવા બદલ અભિનંદન સાથે સેમી ફાઈનલ મેચમાં બંને ટીમો સફળતા મેળવી ફાઈનલમાં પ્રવેશ મેળવે તે માટે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગના વિભાગીય વડા

આસી.મ્યુનિસિપલ કમિશનરશ્રી કમલેશ નાયક, સુરત મહાનગરપાલિકાના તમામ સ્ટાફ તથા શહેરના રમતપ્રેમી નગરજનો શુભેચ્છા પાઠવે છે.

૯

# :: પ્રેસનોટ ::

## "ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪/૦૪/૨૦૧૮ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે યોજાનાર ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદના કાર્યક્રમ

વિશ્વવિભૂતિ–મહામાનવ ભારત રત્ન પરમ પૂજય ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪મી એપ્રિલ ૨૦૧૮ને શનિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. "સમતા"ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી વિદ્વાન કાયદાશાસ્ત્રી–અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખરવકતા–લેખક એવા મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાના કાર્યક્રમમાં પધારવા નગરજનોને નિમંત્રણ છે.

# પ્રેસ નોટ

........................

## માહે માર્ચ ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે માર્ચ **૨૦૧૮** દરમ્યાન **૪૯૨૬** ઈન્ડોર તથા **૫૮૦૨૬** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૪૦૭** નાના તથા **૮૧૫** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૪૪૦૯** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૯૮૨** અને જુના **૧૨૪૪** દર્દીઓ સહીત કુલ **૩૨૨૬** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૫૬૬** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૯૨૪** તથા આંખ વિભાગમાં **૩૫૩૫** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૭૭૩૯** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૬/૦૪/૨૦૧૮ થી તા.૧૨/૦૪/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૦૯૦ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૫૪ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૫ |

# :: પ્રેસનોટ ::

## ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૧૮''

વિષય : જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮'' માં સુરત મહાનગરપાલિકાની મેયર ઈલેવન અને કમિશનર ઈલેવનનો ફાઈનલમાં દબદબાભેર પ્રવેશ.

જામનગર મહાનગરપાલિકા દ્વારા તા.૮/૪/૨૦૧૮ થી તા.૧૪/૪/૨૦૧૮ દરમ્યાન જામનગરના અજીતસિંહજી ક્રિકેટ પેવેલીયન ખાતે ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચેની અલગ અલગ ક્રિકેટ ટુર્નામેન્ટોનું પ્રતિ વર્ષ રોટેશન મુજબ યોજવામાં આવતી ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''નું આયોજન ચાલુ સાલ થઈ રહ્યું છે. તા.૦૮/૦૪/૨૦૧૮થી આરંભ થયેલ આ ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''માં તા.૧૦/૪/૨૦૧૮ના રોજ યોજાયેલ વડોદરા મહાનગરપાલિકા કમિશનર ટીમ અને મેયર ટીમ સામે સુરત મહાનગરપાલિકા કમિશનર ઈલેવન અને મેયર ઈલેવનને શાનદાર જીત મેળવી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જે સેમીફાઈનલની મેચ તા.૧૨/૪/૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા કમિશનર ઈલેવન અને રાજકોટ મહાનગરપાલિકા કમિશનર ટીમ વચ્ચે યોજાઈ હતી. રાજકોટ કમિશનર ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટના ભોગે ૧૦૬ રનનો સ્કોર કર્યો હતો. રાજકોટ કમિશનર ટીમના પ્રશાંત વ્યાસના ૧૭ બોલમાં ૨૬ રન અને મહેશ ગરાસીયાના ૨૭ બોલમાં ૨૫ રન મુખ્ય હતા. સુરત કમિશનર ઈલેવનના બોલર્સ જગદીશ સી.સેલર, રાકેશ પટેલ અને નરેશ ઝેડ.પરમારને બે–બે વિકેટ લેવામાં સફળતા મળી હતી. જેમાં રાકેશ પટેલએ ૪ ઓવરમાં ફકત ૫ રન આપી બે વિકેટ ઝડપી હરીફ ટીમને અંકુશમાં રાખી હતી. રાજકોટ કમિશનર ટીમે આપેલ ૧૦૬ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ ઓપનીંગ બેસ્ટમેન નરેશ ઝેડ.પરમાર અને વિવેક બી. પટેલની પ્રથમ વિકેટની ૯૦ રન પાર્ટનરશીપએ વિજય નિશ્ચિત કર્યો હતો. વિવેક બી. પટેલએ ૪ ચોગ્ગા અને એક સિકસર ફટકારી ૩૦ રનમાં ૪૯ રન પર આઉટ થયા હતા. જયારે નરેશ ઝેડ.પરમારએ ૩ બાઉન્ડ્રી અને ૩ સિકસર સાથે ૪૨ બોલમાં અણનમ ૫૨ રન કરી ટીમને વિજય અપાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. આમ સુરત કમિશનર ટીમે ૧૧.૨ ઓવરમાં જ એક વિકેટે ૧૧૨ રન કરતાં ૯ વિકેટથી ભવ્ય વિજય મેળવી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. મેચમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ નરેશ ઝેડ.પરમારને મેન ઓફ ધ મેચનું પારિતોષિક મળ્યું હતું. તા.૧૨/૪/૨૦૧૮ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા મેયર ઈલેવન અને રાજકોટ મહાનગરપાલિકા મેયર ટીમ વચ્ચે સેમી ફાઈનલનો ખરાખરીનો જંગ ખેલાયો હતો. પ્રવિણભાઈ પટેલના નેતૃત્વમાં મેદાનમાં ઉતરેલ સુરત મેયર ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લીધો હતો. ઓપનીંગમાં ઉતરેલ પ્રવિણભાઈ પટેલએ ૫૩ બોલમાં ૩ બાઉન્ડ્રી સાથે ૪૦ રન કરી સ્વેચ્છિક નિવૃત્તિ જાહેર કરી હતી. મનોજભાઈ ચોવટીયાએ ૧૨ બોલમાં નોટ આઉટ ૨૩ રન કર્યા હતા. સતીષભાઈ પટેલએ પણ ૧૪ બોલમાં ૧૭ રનનું યોગદાન આપ્યું હતું. આમ સુરત મેયર ઈલેવને નિર્ધારત ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૪૬ રનનો સંગીન સ્કોર નોંધાવ્યો હતો. જીતના ઈરાદા સાથે મેદાનમાં ઉતરેલ રાજકોટ મેયર ટીમના ખેલાડીઓ શરૂઆતથી જ આક્રમક બેટીંગ કરી હતી. પુષ્કરભાઈ પટેલના ૨૪ બોલમાં ૨૩ રન, કશ્યપભાઈ શુકલના ૩૪ બોલમાં ૩૪ રન અને મુકેશભાઈ રાદડીયાના ૩૧ બોલમાં અણનમ ૩૫ રનની મદદથી રાજકોટ મેયર ટીમ ૧૬ ઓવરમાં ૫ વિકેટે ૧૦૫ રનના સન્માન જનક સ્કોર બાદ આ રોમાંચક મેચમાં તે પાછું ફરી શકયું ન હતું. આમ રાજકોટ મેયર ટીમ ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૨૭ રન સુધી પહોંચતાં ૧૯ રને હરાવીને સુરત મેયર ટીમએ ફાઈનલમાં સ્થાન મેળવવાના પોતાના દાવાને વધારે મજબૂત કર્યો હતો. સુરત મેયર ઈલેવનના વિજયભાઈ ચૌમાલને ૨ વિકેટ અને ભદ્રેશભાઈ પરમાર તથા લાલજીભાઈ ઘોરીને એ એક એક વિકેટ મળી હતી. મેન ઓફ ધ મેચ પ્રવિણભાઈ પટેલ ઘોષિત થયા હતા.

તા.૧૩/૦૪/૨૦૧૮ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની કમિશનર તથા મેયર ટીમ અને જામનગર મહાનગરપાલિકાની કમિશનર ટીમ તથા મેયર ટીમ વચ્ચે યોજાનાર ટુર્નામેન્ટની બીજી સેમી ફાઈનલમાં વિજેતા થનાર ટીમ સામે તા.૧૪/૪/૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકાની કમિશનર ઈલેવન તથા મેયર ઈલેવન વચ્ચે ફાઈનલ જંગ ખેલાશે. ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''માં ફાઈનલ મેચમાં પ્રવેશ મેળવવા બદલ અભિનંદન સાથે ચેમ્પીયન બંને તે માટે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, વિપક્ષ નેતાશ્રી પ્રફુલ્લભાઈ તોગડિયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગના વિભાગીય વડા આસી.મ્યુનિસિપલ કમિશનરશ્રી કમલેશ નાયક, મ્યુનિ. સભ્યશ્રીઓ, તમામ સ્ટાફ તથા શહેરના રમતપ્રેમી નગરજનો શુભેચ્છા પાઠવે છે.


Reliance
Industries Limited
ESSAR


Reliance
Industries Limited

# :: પ્રેસનોટ ::

## "વિમેન્સ બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાનાર " બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૪/૨૦૧૮ના રોજ સવારે ૯.૦૦ કલાકે મહિલા મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મહિલા પત્રકાર ખેલાડીઓ અને મહિલા મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ વચ્ચે બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટનું આયોજન પંડિત દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે કરવામાં આવેલ છે. ઉપરોકત ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા રમતપ્રેમીઓને નિમંત્રણ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવાઝોન વિસ્તારમાં વેસુ ખાતે આવેલ મેટરનીટી હોમ સહિત હેલ્થ સેન્ટર, હોસ્પિટલ અને ચોક બજાર ખાતે આવેલ ઐતિહાસિક કિલ્લો "હેરીટેજ સ્કેવર" ની લોકાર્પણવિધિ તથા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS–૧ ટાઈપ સ્કીમના ૧૧૯૪ આવાસો તથા EWS–૨ ટાઈપ સ્કીમના ૮૬ આવાસો મળી કુલ ૧૨૮૦ આવાસો તથા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત EWS/LIG આવાસોનું વેઈટીંગ માંથી ફાળવણી,કોમન વેઈટીંગ લીસ્ટ બનાવવાનો કોમ્પ્યુટરાઈઝ ડ્રો સહિત કુલ રૂ.૩૭૦.૮૦ કરોડના ખર્ચે લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ તથા ગુજરાત હાઉસીંગ બોર્ડ ધ્વારા જહાંગીરાબાદ અને સચીન ખાતે રૂ.૩૫૬.૦૫ કરોડના ખર્ચે સાકારિત LIG તથા MIG ના ૩૧૦૪ બહુમાળી મકાનોનું લોકાર્પણ તથા રૂ.૧૮૨.૧૭ કરોડના ખર્ચે જહાંગીરાબાદ,કોસાડ,પાંડેસરા તથા છાપરાભાઠા ખાતે નિર્માણ થનાર મકાનો પૈકી જહાંગીરાબાદ ખાતે LIG પ્રકરના ૧૨૪૦ બહુમાળી મકાનોનું ભૂમિપૂજન શ્રી નીતિનભાઈ પટેલ માનનીય નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજયના વરદ્હસ્તે અને માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખપદે "ગાંધી સ્મૃતિભવન",ટીમલીયાવાડ,નાનપુરા,સુરત ખાતે સંપન્ન થયેલ.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત હંમેશા વિકાસની દિશામાં આગળ રહયું છે.સુરત ગુજરાતનું આર્થિક પાટનગર છે.ગુજરાત સરકારે ૮ હોસ્પિટલો આપી છે જે પૈકી ૫ હોસ્પિટલોનું લોકાર્પણ થઈ ગયુ છે.સુરત મહાનગરપાલિકા શહેરમાં આરોગ્યની બાબતમાં અગ્રેસર રહી છે લોકોને આરોગ્ય બાબતે ખોટા ખર્ચ ન થાય તે વિચાર કરી રહી છે. સ્મીમેર હોસ્પિટલનો દરરોજ સરેરાશ ૨૫૦૦ જેટલા લોકો લાભ લે છે.ચોકબજાર ઐતિહાસિક કિલ્લો "હેરીટેજ સ્કેવર"ની લોકાર્પણવિધિ કરવામાં આવેલ છે.આ ઐતિહાસિક કિલ્લો લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.માનનીય સાંસદ દર્શનાબેન જરદોશ ધ્વારા બ્લડ કલેકશન માટે વાન આપેલ છે આ ઉપરાંત વિવિધ ગાર્ડનો,કોમ્યુનીટી હોલ,હેલ્થ સેન્ટર,આંગણવાડી,વી.આર.મોલ પાસે ફુટ ઓવર બ્રિજ,ઓવરહેડ ટાંકી,રાંદેર ઝોન વિસ્તારમાં ૧૦૦ એમ.એલ.ડી.ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાના કામની ખાતમુહૂર્તવિધિ કરવામાં આવેલ છે સુરત શહેર વિકાસની દિશામાં ખુબ ઝડપથી આગળ વધી રહયુ છે.

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી નીતિનભાઈ પટેલ માનનીય નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજયનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા ,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ,માન.નેતા શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ, સુરત શહેરના ઐતિહાસિક કિલ્લા "હેરીટેજ સ્કેવર"ની ફોટોફ્રેમ તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ.

માન.ધારાસભ્ય શ્રી પુર્ણેશભાઈ મોદીએ તેમના  ઉદ્દબોધનમાં જણાવ્યું કે વીર સાવરકર હાઈટસ–ફેજ–૨ ના જહાંગીરાબાદ ખાતે આવેલ એલ.આઈ.જી. તથા એમ.આઈ.જી. પ્રકારના ૧૯૦૪ બહુમાળી મકાનોનું લોકાર્પણ કરવામાં આવેલ તથા સચીન ખાતે ૧૨૦૦ મકાનોની લોકાર્પણવિધિ અને જહાંગીરાબાદ ,કોસાડ,પાંડેસરા તથા છાપરાભાઠા ખાતે એલ.આઈ.જી. પ્રકારના ૧૨૪૦ બહુમાળી મકાનોનું ભૂમિપૂજન કરવામાં આવેલ લોકોની પ્રાથમિક જરૂરિયાતો રોટી,કપડા અને મકાન છે આ કામગીરી કરવામાં તથા દેશમાંથી ગરીબી દુર કરવામાં પણ અગાઉની સરકાર નિષ્ફળ રહી છે હાલનાં  બજેટમાં ગરીબ,મધ્યમ વર્ગના લોકોને રહેવા માટે ઘર મળે તે માટે સરકાર સતત પ્રયત્ન કરી રહી છે.આમારી સરકાર સંવેદનશીલ સરકાર છે.ગુજરાતમાં દરેક વ્યકિતને ઘર મળે તે દિશામાં સરકાર કામ કરી રહી છે.

માન.અધ્યક્ષ,ગુજરાત હાઉસીગ બોડ શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા તેમણે પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે મકાનો રહેવાલાયક બનાવવામાં આવ્યા છે જે મકાન રૂપિયા ૨૫ થી ૩૦ લાખના હોય જે સામાન્ય કે ગરીબ વ્યકિત ખરીદી ન શકે તેવા મકાનો  સરકાર ૭ લાખ સુધીમાં આપે છે દરેક વ્યકિતને પોતાનું ઘર હોવું જોઈએ લોકોને આવાસ માટે સબસીડી પણ આપવામાં આવે છે સુરત આવાસો ફાળવવામાં પહેલા નંબરે છે.જે સોસાયટીના મકાનો જર્જરીત થઈ ગયા હોય તેને રીડેવલપમેન્ટ  કરવા માટેની યોજનાઓ પણ તૈયાર કરવામાં આવી છે

શ્રી નીતિનભાઈ પટેલ માનનીય નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજય તથા અન્ય મહાનુભવોના વરદ્દહસ્તે વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ કરવામાં આવેલ.

આ પ્રસંગે માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે સુરતમાં વિકાસ કામનો ધોધ વહી રહયો છે.આજે કરોડો રૂપિયાના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે.સુરતમાં વિકાસ કામોની સાથે ઈતિહાસની જાળવણીના કામો પણ થયા છે સુરતનો ઐતિહાસિક કિલ્લો સમયની સાથે જર્જરીત થયો સુરત મહાનગરપાલિકાને અભિનંદન છે કે જેમણે વર્ષ ૨૦૧૫માં સરકાર પાસે આ ઐતિહાસિક કિલ્લાની માંગણી કરી  અને સરકારે આ કિલ્લાંની  સુરત મહાનગરપાલિકાને સોંપણી કરી  સુરત મહાનગરપાલિકાએ આ ઈતિહાસીક કિલ્લાની જાળવણી કરી અને ભવિષ્યમાં પર્યટન સ્થળ તરીક પણ તેનો વિકાસ થશે ગરીબ લોકોને આવાસો મળી રહે તે હેતુસર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી ગૃહ યોજના શરૂ કરી છે.દર્શનાબેન જરદોશ માન.સાંસદે સ્મીમેર હોસ્પિટલ અને નવી સિવિલ હોસ્પિટલ સુરત માટે બે બ્લડ ડોનેશન કેમ્પ માટેની બ્લડ કલેકશન વાન ફાળવેલ છે.સુરત બ્લડ ડોનેશન,કીડની ડોનેશન તથા રકતદાનમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમક્રમે રહયુ છે.સમાજના લોકોને રોડ,પાણી,ગટર,આવાસ વગેરેની પ્રાથમિક સુવિધાઓ પણ પુરી પાડવામાં આવી છે ભારતના સૌથી સારા ૧૦ શહેરોમાંથી ૪ થો નંબરનું શહેર છે અને તેને ૧ નંબર પર લાવવા પ્રયત્ન કરીશું.

શ્રી નીતિનભાઈ પટેલ માનનીય નાયબ મુખ્યમંત્રી,ગુજરાત રાજય તથા અન્ય મહાનુભવોના વરદ્દહસ્તે ગુજરાત હાઉસીગ બોર્ડના લાભાર્થીઓને ચાવી અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.મંત્રી રાજય કક્ષા શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર),માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા, માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ,માન.ધારાસભ્ય શ્રી વી.ડી.ઝાલાવાડીયા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, લાભાર્થીઓ અને વિશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,સમાચાર યાદી નં.૧૪,તા.૧૩/૦૪/૨૦૧૮


સુરત મહાનગરપાલિકા






SHAH

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા ચોકબજાર સ્થિત ઐતિહાસીક કિલ્લાના સંરક્ષણ કાર્ય અંતર્ગત તેના પ્રથમ ફેઝનો ભાગ–A પૂર્ણ થઈ ગયેલ હોય, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલના શુભ હસ્તે આજે તા.૧૩ એપ્રીલ, ૨૦૧૮ના રોજ, સવારે ૧૦:૪૫ કલાકે લોકાર્પણ કરવામાં આવેલ. સદર ઉદઘાટન મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખસ્થાને થયેલ જેમાં મા. મંત્રીશ્રી કુમારભાઈ કાનાણી, ગુજરાત રાજય, માન. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન. ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી પ્રવિણભાઈ ઘોઘારી અને શ્રી વિવેકભાઈ પટેલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, નેતાશ્રી શાસકપક્ષ ગિરિજાશંકર મિશ્રા, તેમજ વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ, મ્યુ.કોર્પોરેટરશ્રીઓ,મે. મ્યુનિ. કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રી, અધિકારીશ્રીઓ, કન્સલ્ટન્ટ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયા હતા.

સમગ્ર કિલ્લામાંથી સંરક્ષણ કામગીરીમાં મળેલ તુઘલખ સમયકાળમાં બનેલ A1 બિલ્ડીગના વોલ્ટ, પાયાના ભાગ, સુરંગ તથા બ્રિટિશ શૈલીમાં બનાવેલ ટી–રૂમ; A2 બિલ્ડીંગમાં તુઘલક કાળ, સલ્તનત કાળ, બ્રિટિશ શૈલી તથા ડચ શૈલીમાં બનેલી ઈમારતોની ઈમારત શૈલી, કિલ્લામાં ખોદકામ દરમિયાન મળેલ પથ્થર અને લોખંડના ગોળા, માટીના વાસણ, આર્મેનિયન ગેલેરી, સુરત બંદર તથા વ્યાપારી આયાત – નિકાસની સામગ્રી, કોઠીઓ, બ્રિટિશ પોર્સેલીન, ડચ લાઈફ સ્ટાઈલ રૂમ તથા કોર્ટ રૂમ અને A3 બિલ્ડીંગમાં સુરત શહેર અને કિલ્લાનો ઈતિહાસ, સુરતના ગણમાન્ય લોકો અંગે માહિતી, કિલ્લાનું મોડલ, સુરતના છેલ્લા નવાબ અફઝલુદ્દીન ખાનનું સિંહાસન તથા ચીજ વસ્તુઓ, બ્રિટિશ લાઈફ સ્ટાઈલ રૂમ, સુરતના વિદેશી મુલાકાતીઓની વિગત તથા પુસ્તકોનું પ્રદર્શન તથા A2 અને A3 બિલ્ડીંગ વચ્ચેના બુર્જ આજથી જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવેલ છે. આ ઉપરાંત સમગ્ર સંરક્ષણ કાર્ય અંગેની ખાસ તૈયાર કરવામાં આવેલ ફિલ્મનું પણ સ્ક્રીનીંગ આજ રોજ કરવામાં આવેલ છે.

તા. ૧૪/૦૪/૨૦૧૮થી કિલ્લાની મુલાકાત જાહેર જનતા મંગળવાર થી ગુરૂવાર સવારે ૧૦:૦૦ થી બપોરે ૩:૦૦ કલાક સુધી તથા શુક્રવાર થી રવિવાર સુધી સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી કરી શકશે. કિલ્લો મુલાકાતીઓ માટે દર સોમવારે તથા રાષ્ટ્રીય તહેવારો તેમજ મુખ્ય તહેવારના દિવસે બંધ રહેશે.
કિલ્લાની મુલાકાત માટે ટિકિટના દર નીચે મુજબ રહેશે:
૩ થી ૧૬ વર્ષના બાળકો માટે રૂા. ૨૦/–
૧૭ થી ૬૦ વર્ષના વયસ્કો માટે રૂા. ૪૦/–
૬૦ વર્ષ થી વધુ ઉંમરના વૃધ્ધો ( સિનિયર સિટિઝન) માટે રૂા. ૨૦/–

:: પ્રેસનોટ ::

10

## ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪/૦૪/૨૦૧૮ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે યોજાયેલ ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદના કાર્યક્રમ

ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪મી એપ્રિલ ૨૦૧૮ને શનિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરને વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શહેરના પ્રથમ નાગરિક માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસદશ્રી સી.આર.પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલ, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી પૂર્ણેશ મોદી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ધારાસભ્યશ્રી વીનુભાઈ મોરડીયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, મ્યુનિ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને શહેરની વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી ચઢાવી વંદના કરી હતી. 'સમતા'ના સિધ્ધાંત પર વિશ્વ શાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી, વિદ્વાન કાયદાશાસ્ત્રી–અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખર વકતા–લેખક એવા મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકરનું મોટું યોગદાન રહ્યું હતું. આ ઉજવણી અંતર્ગત સવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીઓ ડૉ.બાબા સાહેબ આંબેડકરના સુવાકયો લખેલા બેનર સાથે પ્રભાતફેરી આકારે કાર્યક્રમ સ્થળે આવી ડૉ.બાબાસાહેબ આંબેડકરને પુષ્પો અર્પણ સહ વંદના કરી હતી. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, શહેર પ્રમુખશ્રી નીતીનભાઈ ભજીયાવાલા પણ હાજર રહી ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી ચઢાવી વંદના કરી હતી.

સમાચારયાદી તા.૧૪/૦૪/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.















# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત "વિમેન્સ બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ–૨૦૧૮"

### વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત " વિમેન્સ બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ"

સુરત શહેરના ચુંટાયેલા મહિલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના મહિલા અધિકારીશ્રીઓ અને મહિલા પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૪/૨૦૧૮ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતે "વિમેન્સ બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ–૨૦૧૮"નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૫/૦૪/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે કેરમ ટુર્નામેન્ટના ૨૧ મહિલા સભ્યશ્રીઓ, ૬ મહિલા મ્યુનિ. અધિકારીશ્રીઓ અને ૬ મહિલા પત્રકારશ્રી તેમજ બેડમિન્ટન ટુર્નામેન્ટના ૧૬ મહિલા સભ્યશ્રીઓ, ૧૪ મહિલા મ્યુનિ.અધિકારીશ્રીઓ અને ૮ મહિલા પત્રકારશ્રીઓ મળી કુલ ૭૧ મહિલા ખેલાડીઓના નામની ચીઠ્ઠી ઉપાડી લોટ્સ પાડયા બાદ દીપપ્રગટાવી ટુર્નામેન્ટનો શુભારંભ કરાવ્યો હતો. બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટમાં તમામ મહિલા મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મહિલા પત્રકાર ખેલાડીઓ અને મહિલા મ્યુનિસિપલ અધિકારીશ્રીઓએ ઉત્સાહભેર ટુર્નામેન્ટની રમતો રમ્યા બાદ નીચે મુજબના મહિલા ખેલાડીઓ વિજેતા નીવડયા હતા.

| વિજેતા | બેડમિન્ટન | કેરમ |
|---|---|---|
| ચેમ્પીયન | શ્રીમતી પ્રમોદિની ડી.ભટ્ટ | શ્રીમતી મિનાઝ સાયરસ સુરતી |
| રનર્સઅપ | શ્રીમતી સેજલ જે.મિશ્રા | શ્રીમતી આરતીબેન હેનીશ ભાઈ પટેલ |
| તૃતીય | શ્રીમતી મેઘાવી જીતેન્દ્ર દેસાઈ | શ્રીમતી ગાયત્રીબેન આર. જરીવાલા |
| ચતુર્થ | શ્રી તૃપ્તિ ડી.ભુવા | શ્રીમતી દક્ષાબેન બી.ભુવા |

આ પ્રસંગે માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયાએ ઈન્ડોર ગેમમાં મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ સૌને અભિનંદન આપી આઉટ ડોર ગેમમાં પણ વધુમાં વધુ બહેનોને પાર્ટીસીપન્ટ થવા આહ્‌વાન કર્યું હતું. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાએ ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ તમામનો આભાર માન્યો હતો. વિમેન્સ બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટના વિજેતાઓને ઉપસ્થિત માન.મેયરશ્રી અસ્મિતાબેન પી.શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, આસી.મ્યુનિ.કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા, વિવિધ સમિતિના મહિલા ચેરમેનશ્રીઓના વરદહસ્તે ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, પત્રકારશ્રીઓ સહિત રમતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બન્ને ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.





# :: પ્રેસનોટ ::

## ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''માં સુરત મહાનગરપાલિકા મેયર ઈલેવન રનર્સઅપ અને કમિશનર ઈલેવન ચેમ્પીયન

વિષય : ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''માં સુરત મહાનગરપાલિકા મેયર ઈલેવન રનર્સઅપ અને કમિશનર ઈલેવન ચેમ્પીયન બાબત.

ગુજરાત રાજયની તમામ આઠ મહાનગરપાલિકાની ચૂંટાયેલી પાંખના કોર્પોરેટરની મેયર ટીમો અને વહીવટી તંત્રની કમિશનર ટીમો વચ્ચેની અલગ અલગ ''ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે એન્ડ નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ''નું પ્રતિ વર્ષ રોટેશન મુજબ આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે જામનગર મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, જુનાગઢ ભાવનગર, ગાંધીનગર અને જામનગર મહાનગરપાલિકાની મેયર ટીમ અને કમિશનર ટીમ વચ્ચે ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''નું તા.૦૮/૦૪/૨૦૧૮ થી તા.૧૪/૦૪/૨૦૧૮ દરમ્યાન જામનગરના અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૦૮/૦૪/૨૦૧૮ના રોજ શરૂ થયેલ ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''ની ફાઈનલ મેચનો ખરાખરીનો જંગ તા.૧૪/૦૪/૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકાની મેયર ઈલેવન અને કમિશનર ઈલેવનનો જામનગર મહાનગરપાલિકાની મેયર ટીમ અને કમિશનર ટીમ વચ્ચે જામનગરના અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન ખાતે જામ્યો હતો. તા.૧૪/૦૪/૨૦૧૮ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સુરત મેયર્સ ઈલેવન ટીમના કેપ્ટનશ્રી પ્રવિણભાઈ પટેલએ ટોસ જીતી પ્રથમ દાવ લઈ મેદાને ઉતરતાં પ્રવિણભાઈ પટેલના ૨૬ બોલમાં ૧૦ રન, રમેશભાઈ ઉકાણીના ૩૫ બોલમાં ૩૦ રન, મનોજ ચોવટીયાના ૩૧ બોલમાં ૨૬ રન અને લાલજીભાઈ ઘોરીના ૧૧ બોલમાં ૧૮ રનની મદદથી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે કુલ ૧૨૫ રનનો સ્કોર કર્યો હતો. સુરત મેયર ઈલેવને આપેલ લક્ષ્યાંકને સર કરવા મેદાને પડેલ જામનગર મેયર ટીમે છેલ્લા બોલ સુધી સંઘર્ષ કરી ભારે કશ્મકશ બાદ આનંદ રાઠોડના ૩૫ રન ધર્મેન્દ્ર જાડેજાના ૧૬ રન અને એકસ્ટ્રા ૪૪ રનના સથવારે ૧૨૭ રન કરી ચેમ્પીયનશીપ મેળવતાં સુરત મેયર ઈલેવન ટીમ ટુર્નામેન્ટમાં રનર્સઅપ રહી હતી.

કમિશનર ટીમોની ફાઈનલ મેચ તા.૧૪/૦૪/૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા કમિશનર ઈલેવન અને જામનગર કમિશનર ટીમની વચ્ચે રમાઈ હતી. સુરત કમિશનર ઈલેવન ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરતાં ઓપનર બેસ્ટમેન વિવેક પટેલએ ૬૨ બોલમાં ૧૧ બાઉન્ડ્રી અને ૪ સિકસર સાથે સદી ફટકારવા સાથે ૧૧૧ રન કરી અણનમ રહી ટીમના સ્કોરમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. નરેશ ઝેડ.પરમારના ૧૦ બોલમાં ૨૬ રન અને યોગેશ ઝેડ.પટેલના ૨૫ બોલમાં ૩૦ રન તથા ધર્મેન્દ્ર સેલરના નોટ આઉટ ૧૦ બોલમાં ૨૬ રનની મદદથી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટે સુરત કમિશનર ઈલેવને ૨૦૪ રનનો જંગી સ્કોર ખડો કર્યો હતો. સુરત કમિશનરે આપેલા લક્ષ્યાંકને પાર પાડવા મેદાને પડેલી જામનગર કમિશનર ટીમના અશ્વિન ખેરના ૩૬ બોલમાં ૨૫ રન, વિજય બાબરિયાના ૨૯ બોલમાં ૩૧ રન અને ધર્મેન્દ્ર જાડેજાના ૨૩ બોલમાં ૩૬ રનની મદદથી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૨૮ રન સુધી પહોંચી શકી હતી. સુરત કમિશનર ટીમના જગદીશ સેલરને ૪ વિકેટ ધર્મેન્દ્ર સેલરને બે વિકેટ અને રાકેશ પટેલ અને યોગેશ ઝેડ. પટેલને એક–એક વિકેટ હાંસલ કરવામાં સફળતા મળી હતી. સુરત કમિશનર ઈલેવનની અંકુશિત બોલીંગ અને ચુસ્ત ફિલ્ડીંગના સથવારે ૭૬ રનથી વિજય મેળવી ''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''ની ચેમ્પીયનશીપ હાંસલ કરી હતી. સુરત કમિશનર ઈલેવનના મેચ વિનિંગ બેસ્ટમેન વિવેક પટેલને મેન ઓફ ધ મેચનું અને સમગ્ર ટુર્નામેન્ટમાં સફળ બેટીંગ કરવા બદલ બેસ્ટ બેસ્ટમેનનું પારિતોષિક મળ્યું હતું. સુરત શહેરના માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયા, ધારાસભ્ય અને પાણી સમિતિના ચેરમેનશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, વિપક્ષ નેતાશ્રી પ્રફુલ્લભાઈ તોગડીયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સદસ્યશ્રીઓએ ટુર્નામેન્ટ દરમ્યાન ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

''મેયર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૮''માં સુરત કમિશનર ટીમને ચેમ્પીયન થવા બદલ અને મેયર ઈલેવનને રનર્સ અપ થવા બદલ ટીમના કોચ નવનીત પટેલ, અનંત સારંગ, કેપ્ટન સહિત બન્ને ટીમના ખેલાડીઓને માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયા અને મ્યુનિ.કમિશનરશ્રી થેન્નારસન,આઈ.એ.એસ. સહીત તમામ ચૂંટાયેલી પાંખ અને વહીવટી પાંખએ અભિનંદનની વર્ષા કરી હતી. આસી. મ્યુનિ.કમિશનરશ્રી કમલેશ નાયકના

નેતૃત્વ હેઠળ સાંસ્કૃતિક વિભાગના મેનેજરશ્રી એસ.આર.ખાનના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક વિભાગના સ્ટાફએ ખુબ જ જહેમત ઉઠાવી ટુર્નામેન્ટની સફળતાના યશભાગી રહ્યા હતા.











# પ્રે સ નો ટ

સવિનય, માન. કમિશ્નરશ્રી અને આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આજ તા.૧૬/૦૪/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો અને ઝોનનાં શહેરી વિકાસ ખાતુ, ઝોનનો આરોગ્યનો સ્ટાફ તથા સાથે મળી સુરત શહેરમાં આવેલ નીચે જણાવેલ પેકેજ ડ્રીંકીગ વોટર/મીનરલ વોટરનું વેચાણ અર્થે ઉત્પાદન કરવામા આવતી સંસ્થાઓમાં જે તે ઝોનનાં શહેરી વિકાસ ખાતા ધ્વારા સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સંસ્થાનું સરનામું |
|---|---|---|
| ૧. | કનૈયા વોટર સપ્લાય | પટેલ ફળિયું,છાપરાભાઠા રોડ,અમરોલી,સુરત. |
| ૨. | પ્રમુખ હેલ્થ કેર | પ્લોટ નં.૩૦,તુલસી ઈન્ડ.એસ્ટેટ,વેડ રોડ,સુરત. |
| ૩. | શ્રી હરી બેવરેજીસ | પ્લોટ નં.૬૧,૬૨,પંડોળ,બજરંગ વીડીયોની બાજુમાં,વેડ રોડ,સુરત. |
| ૪. | શ્રી નેમીનાથ | પ્લોટ ૧,નવનાથ સોસાયટી,કોઝવે રોડ,સિંગણપોર,સુરત. |
| ૫. | શ્રી સાંઈ બેવરેજીસ | હરીપાર્ક પ્લાઝા,ફટાકડાવાડી,વેડ રોડ,સુરત. |
| ૬. | શીવ ગંગા બેવરેજીસ | મહિન્દ્રા શોરૂમાની ગલીમાં,ખટોદરા પોલિસ સ્ટશનની સામે,ખટોદરા,સુરત. |
| ૭. | દત્ત બેવરેજીસ | ગીરીરાજ હોટલની ગલીમાં,સોસ્યો સર્કલ પાસે,ખટોદરા,સુરત. |
| ૮. | આત્મીય જલધારા | ૩૬૩,કલ્યાણ કુટિર,ઉધના,સુરત. |
| ૯. | મે.જય અંબે બેવરેજીસ | ૧૮ એ,૩૧,પો.પટેલ નગર–૨,મોદી મહોલ્લો,એ.કે.રોડ,સુરત. |
| ૧૦. | વર્લ્ડ વોટર | પ્લોટ નં.૬૬,૬૭, આર.કે. ઈન્ડસ્ટ્રીઝ,બંબાગેટ,કાપોદ્રા,વરાછા રોડ,સુરત |
| ૧૧. | વરૂણ મીનરલ વોટર | પ્લોટ નં. ૫૭,સાંઈનાથ સોસાયટી,કાપોદ્રા ચાર રસ્તા,વરાછા રોડ,સુરત. |
| ૧૨. | દેવ એકવા વોટર | પ્લોટ નં.૨૭૨,શ્રી હરીનગર,સી.આર.પાટીલ રોડ,ડીંડોલી,સુરત. |
| ૧૩. | સુમિત વોટર | ઈ–૩,પટેલ નગર,ગોડાદરા,ુરત. |
| ૧૪. | ઉમા બેવરેજીસ | ૧૮૪,સહજાનંદ સોસાયટી,ડીંડોલી,સુરત. |
| ૧૫. | જેની એકવા | પ્લોટ નં–૨૧૭, ભગવાન નગર સોસા., ઉગત રોડ, ,જહાંગીરપુરા,સુરત. |
| ૧૬. | ધારા એન્ટરપ્રાઈઝ | ૧, અંબિકાનગર સોસાયટી, કેનાલ રોડ, પાલનપુર જકાતનાકા,સુરત. |
| ૧૭. | જય એકવા | સંત આશારામ આશ્રમ ની સામે,જહાંગીરપુરા,સુરત. |
| ૧૮. | દક્ષ એકવા | પ્લોટ નં–૬૧, ચક્રધર સોસા., ઉગત રોડ, ,જહાંગીરપુરા,સુરત. |
| ૧૯. | મહેક એકવા | ૩૧–૩૨, અંબિકા નગર સોસાયટી, કેનાલ રોડ, પાલનપુર જકાતનાકા,સુરત. |

# —:: પ્રેસનોટ ::—

તા.૧૬-૪-૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્યવિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ.જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાનાવિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૨૭ | ૨૧ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| **વરાછા** | ૫૫ | ૬૩ | ૪૯ | ૪૯ | ૯૮૦૦ |
| **રાંદેર** | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮ | ૫૬૦૦ |
| **કતારગામ** | ૭૪ | ૪૮ | ૨૩ | ૨૩ | ૪૬૦૦ |
| **ઉધના** | ૧૭૨ | ૪૯ | ૧૩ | ૧૩ | ૨૬૦૦ |
| **લિંબાયત** | ૩૧ | ૪૫ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| **અઠવા** | ૭૫ | ૪૧ | ૧૭ | ૦૯ | ૧૮૦૦ |
| **કુલ** | **૪૬૨** | **૨૯૫** | **૧૬૪** | **૧૫૬** | **૩૧૨૦૦** |

# <u>પ્રેસનોટ</u>

## <u>ટી.પી.રોડ ખુલ્લો કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ભેસ્તાન ચાર રસ્તાથી જીઆવ–બુડીયા રોડ તરફ જતા ૩૦.૦૦ મી.ના ટી.પી.રોડમાં નડતરરૂપ કોર્મશીયલ બાંધકામ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.૨૨(ભેસ્તાન)ને લાગુ ૩૦.૦૦ મી.ના ટી.પી.રસ્તામાં નડતરરૂપ જમણી તરફ ૦૮ દુકાનો તેમજ ડાબી તરફ કોર્મશીયલ ૦૫ દુકાનો દુર કરી **આજ રોજ તા.૧૯/૦૪/૨૦૧૮**ના રોજ આશરે ૩૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારનો ટી.પી.રોડ પૈકીની જગ્યાનો કબ્જો લઈ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૩/૦૪/૨૦૧૮ થી તા.૧૯/૦૪/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૮૪૦ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૨ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૫૬ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૫ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાને સ્માર્ટ સીટી-ડિજીટલ સીટી બનાવવાના અભિગમ અન્વયે વિવિધ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અંતર્ગતના પ્રોજેક્ટ જેવા કે SMAC Center, Command and Control Room, SMC Mobile Application, તેમજ જાહેરપરિવહન સેવા અંતર્ગતના પ્રોજેક્ટ જેવા કે ITMS (Intelligent Transit Management System), AFCS (Automatic Fare Collection System) અને ITCS (Intelligent Traffic Control System શરૂ કરવામાં આવેલા છે. આ તમામ પ્રોજેક્ટ અન્વયે કરવામાં આવતી કામગીરીની મદદથી શહેરની પ્રજાને વિવિધ સેવાઓ જેવી કે પ્રોપર્ટી ટેક્ષ પેમેન્ટ, જન્મ-મરણના સર્ટીફીકેટ, હૉલ બુકીંગ, કમ્પ્લેઇન મેનેજમેન્ટ, ઇ-લાયબ્રેરી વિગેરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે. ડિજીટલ શહેર બનાવવાની કામગીરી અન્વયે હાલમાં તા. ૧૯/૦૪/૨૦૧૮ ના રોજ એક ડિજીટલ એવોર્ડ સમારંભ Mint Digitalist Forum કે જે SAP અને Mint દ્વારા સંકલનમાં રહી મુંબઇ ખાતે યોજવામાં આવેલ તેમાં ભારતની વિવિધ કંપનીઓ તથા અર્બન લોકલ બોડીએ ભાગ લીધેલ હતો.

Mint and SAP દ્વારા દેશમાં વિવિધ ડિજીટલ પ્રોજેક્ટના સર્વે કરવામાં આવેલા જેમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેક્ટ જેમ કે SMAC Center, Command and Control Room, SMC Mobile Application અંતર્ગત શહેરની પ્રજાને આપવામાં આવતી વિવિધ સવલતો જેવી કે પ્રોપર્ટી ટેક્ષ પેમેન્ટ, જન્મ-મરણના સર્ટીફીકેટ, હૉલ બુકીંગ, કમ્પ્લેઇન મેનેજમેન્ટ, ઇ-લાયબ્રેરી વિગેરે તેમજ જાહેર પરિવહનની સેવા અન્વયે કાર્યરત વિવિધ કામગીરી જેવી કે ITMS, AFCS અને ITCS વિગેરે પ્રોજેક્ટના સર્વેક્ષણ બાદ MINT and SAP દ્વારા સુરત મહાનગરપાલિકાને "Digitalist Award" એનાયત કરવામાં આવેલ છે. આ એવોર્ડ સમારંભમાં આસી. કમિશનરશ્રી કે. બી. નાયક સુરત મહાનગરપાલિકા તરફથી હાજર રહેલા જેઓને "Digitalist Award" એનાયત કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દેશની વિવિધ કંપનીઓ તથા અર્બન લોકલ બોડીઓમાંથી જે ૧૦ એવોર્ડ વિજેતાઓ હતા એ તમામમાં માત્ર સુરત મહાનગરપાલિકા એ ફક્ત એક જ અર્બન લોકલ બોડી છે જેને આ એવોર્ડ મેળવવામાં સફળતા પ્રાપ્ત થયેલ છે.

# પ્રેસનોટ

તા.૨૦/૦૪/૨૦૧૮ થી તા.૨૧/૦૪/૨૦૧૮ સુધી ૨ (બે) દિવસ માટે સુરત શહેરની મુલાકાતે ઉત્તરપ્રદેશના ગાઝીયાબાદ તથા કાનપુરના મેયરશ્રી તથા ઉત્તરપ્રદેશના ગોરખપુરના ડેપ્યુટી મેયરશ્રી સુરત શહેરની મુલાકાતે પધારેલ હતા સાથે અલીગઢ,ગાઝીયાબાદ,બરેલી,મેરઠ,કાનપુર,ગોરખપુર શહેરના મ્યુનિસીપલ કમિશનરશ્રી સાથે કુલ ૩૦ વ્યકિતઓનું પ્રતિનિધિ મંડળ સુરત પધારેલ.

સુરત પધારેલ મહેમાનોને સ્માર્ટ સીટી મિશન પ્રોગ્રામ અન્વયેના વિવિધ પ્રોજેકટોની સ્થળ પર મુલાકાત કરાવી કામગીરી કેવી રીતે કરવામાં આવી રહી છે તે બાબતની સમજ આપવામાં આવેલ સાથે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સોલાર પાવર પ્લાન્ટ, સ્મેક સેન્ટર,ગોપી તળાવ, હોસ્પિટલો, EWS/LIG આવાસો ,BRTS પ્રોજેકટ વિગેરે પ્રોજેકટોની રૂબરૂ મુલાકાત કરાવવામાં આવેલ.

બીજા દિવસના તેઓશ્રીના રોકાણ દરમ્યાન વિવિધ પ્રોજેકટોની મુલાકાત બાદ તેઓશ્રીનું સુરત મહાનગરપાલિકાના માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.નેતા શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન સાથે મુલાકાતનું આયોજન કરવામાં આવેલ. મુલાકાત દરમ્યાન સુરત શહેર તથા ઉત્તરપ્રદેશના શહેરોના વિકાસ સંદર્ભના વિચારોના અભિપ્રાય રજુ કરવામાં આવેલ તથા સુરત શહેરના વિકાસનું અનુકરણ તેમના શહેરોના વિકાસમાં કરવા પ્રતિબધ્ધતા દર્શાવવામાં આવેલદ તથા સુરત શહેરની સ્વચ્છતા તથા ગ્રીનરીથી પ્રભાવિત થયેલ.

પધારેલ મહેમાનોનું માન.મેયરશ્રી તથા અધિકારીશ્રીઓ ધ્વારા તેઓનું બુકે અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ. મુલાકાતમાં સુરત પધારેલ ગાજીયાબાદ તથા કાનપુરના માન.મેયરશ્રી ધ્વારા તેમના પ્રવચનમાં સુરત શહેરના વિકાસથી પ્રભાવિત થયા હોવાનું જણાવેલ તથા સુરત મહાનગરપાલિકાના માન મેયરશ્રી, માન.ડે.મેયરશ્રી, માન.નેતાશ્રી શાસક પક્ષ તથા માન.મ્યુ.કમિશનરશ્રી તથા અધિકારીશ્રીઓનો આભાર વ્યકત કરેલ તથા તેઓશ્રીના શહેરમાં પધારવા નિમંત્રણ આપેલ.

અંતે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.નેતા શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા ધ્વારા મહેમાનોને સુરત પધારવા બદલ આભાર વ્યકત કરવામાં આવેલ. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુ.કમિશનરશ્રીઓ,એડી.સીટી ઈજનેરશ્રીઓ, આસી.મ્યુ.કમિશનરશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.





